सत्यमेव जयते

| | | |
|---|---|---|
| કેસ આવ્યા તારીખ | : | ૨૮/૧૦/૨૦૨૧. |
| કેસ દાખલ તારીખ | : | ૨૮/૧૦/૨૦૨૧. |
| કેસ નિકાલ તારીખ | : | ૨૦/૦૩/૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ–માસ–દિવસ |
| | | ૦૪ – ૦૪ – ૨૧ |
| **આંક** | : | |

# FORM - A

## મે. સુરતના સ્પે. એટ્રોસીટી જજ તથા પાંચમા એડી. સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : બારડોલી.

### સ્પે. એટ્રોસીટી કેસ નંબર : ૧૩/૨૦૨૧
### સાથે સ્પે. એટ્રોસીટી કેસ નં.૦૨/૨૦૨૨

| | |
|---|---|
| **પોલિસ સ્ટેશન** | બારડોલી પોલિસ સ્ટેશન. |
| **ગુના રજિસ્ટર નંબર** | પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૦૮૨૧૧૭૧૮/૨૦૨૧. |
| **આક્ષેપિત ગુનો** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટીની કલમ ૩(૧)(R)(S), ૩(૨)(૫–અ) મુજબ. |
| **ફરિયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત). |
| **વિ. એ.પી.પી.** | શ્રી એન. એચ. પટેલ. |
| **આરોપી** | અજયભાઈ દિલીપભાઈ રબારી.<br>અમીત દિલીપભાઈ રબારી.<br>કમલેશભાઈ રતનસીંહ પુરોહીત. |
| **આરોપી તરફે વિ. વકીલ** | શ્રી કે. ટી. પટેલ તથા બી. બી. પુરોહિત. |

# FORM - B

| | | |
|---|---|---|
| **ગુનો બન્યા તારીખ** | : | ૨૦/૦૮/૨૦૨૧ પહેલા હર કોઈ વખતે. |

| | | |
|---|---|---|
| **ફરિયાદની તારીખ** | **:** | ૨૨/૦૮/૨૦૨૧. |
| **ચાર્જશીટની તારીખ** | **:** | ૦૯/૧૦/૨૦૨૧. |
| **તહોમતનામું ફરમાવ્યાની તારીખ** | **:** | ૦૯/૧૧/૨૦૨૧. |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | **:** | ૨૭/૦૬/૨૦૨૫. |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | **:** | ૨૦/૦૩/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | **:** | ૨૦/૦૩/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો** | **:** | લાગુ પડતું નથી. |

## –:: આરોપીની વિગત ::–

| | | |
|---|---|---|
| **આરોપીનું નામ** | **:** | (૧) અજયભાઇ દિલીપભાઇ રબારી.<br>રહેવાસી : ૩૬, ક્રિષ્ણાનગર સોસાયટી, શાસ્ત્રી રોડ, બારડોલી, તાલુકો : બારડોલ,<br>જીલ્લો : સુરત.<br>(૨) અમીત દિલીપભાઇ રબારી.<br>રહેવાસી : ૨૦૪,સ્વસ્તીક રેસીડેન્સી, શાસ્ત્રી રોડ, બારડોલી, તાલુકો : બારડોલ,<br>જીલ્લો : સુરત.<br>(૩) કમલેશભાઇ રતનસીંહ પુરોહીત.,<br>રહેવાસી : ૦૬, સીંધુનગર, શાસ્ત્રી રોડ, બારડોલી, તાલુકો : બારડોલ,<br>જીલ્લો : સુરત. |
| **ધરપકડની તારીખ** | **:** | (૧) ૨૩/૦૮/૨૦૨૧.<br>(૨) ૨૩/૦૮/૨૦૨૧<br>(૩) ૦૪/૦૯/૨૦૨૧ |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | **:** | આરોપી જયુડિશ્ચલ કસ્ટડીમાંથી જામીન મુકત કરવામાં આવેલ છે. |
| **કયા ગુનાનો આક્ષેપ છે** | **:** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટીની કલમ ૩(૧)(R)(S), ૩(૨)(૫–અ) મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | **:** | નિર્દોષ ઠરાવી છોડી મૂકયા. |
| **શું સજા કરી** | **:** | લાગુ પડતું નથી. |
| **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | **:** | લાગુ પડતું નથી. |

# સેશન્સ કેસ નંબર : ૦૨/૨૦૨૨

| | | |
|---|---|---|
| કેસ આવ્યા તારીખ | : | ૨૮/૧૦/૨૦૨૧. |
| કેસ દાખલ તારીખ | : | ૨૨/૦૨/૨૦૨૨. |
| કેસ નિકાલ તારીખ | : | ૨૦/૦૩/૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ–માસ–દિવસ |
| | | ૦૪ – ૦૦ – ૨૭ |
| **આંક** | : | |

## FORM - A

## મે. સુરતના સ્પે. એટ્રોસીટી જજ તથા પાંચમા એડી. સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : બારડોલી

| | |
|---|---|
| **પોલિસ સ્ટેશન** | બારડોલી પોલિસ સ્ટેશન. |
| **ગુના રજિસ્ટર નંબર** | પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૦૮૨૧૧૭૧૮/૨૦૨૧. |
| **આક્ષેપિત ગુનો** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટીની કલમ ૩(૧)(R)(S), ૩(૨)(૫–અ) મુજબ. |
| **ફરિયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત). |
| **વિ. એ.પી.પી.** | શ્રી એન. એચ. પટેલ. |
| **આરોપીઓ** | સલીન ઉર્ફે સની અલ્પેશભાઇ ચૌહાણ. |
| **આરોપીઓ તરફે વિ. વકીલ** | શ્રી વાય. પી. શાહ. |

## FORM - B

| | | |
|---|---|---|
| **ગુનો બન્યા તારીખ** | : | ૨૦/૦૮/૨૦૨૧ પહેલા હર કોઇ વખતે. |
| **ફરિયાદની તારીખ** | : | ૨૨/૦૮/૨૦૨૧. |
| **ચાર્જશીટની તારીખ** | : | ૦૮/૦૨/૨૦૨૧. |
| **તહોમતનામું ફરમાવ્યાની તારીખ** | : | ૨૬/૧૦/૨૦૨૩. |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | : | ૨૭/૦૬/૨૦૨૫. |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | : | ૨૦/૦૩/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | : | ૨૦/૦૩/૨૦૨૬ |

| | | |
|---|---|---|
| **સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો** | **:** | લાગુ પડતું નથી. |

## –:: આરોપીઓની વિગત ::–

| | | |
|---|---|---|
| **આરોપીનું નામ** | **:** | સલીન ઉર્ફે સની અલ્પેશભાઈ ચૌહાણ.<br>રહે. મકાન નંબર ૩, રાજપુત નગર, ગાંધીરોડ, બારડોલી, તા. બારડોલી, જી. સુરત |
| **ધરપકડની તારીખ** | **:** | ૨૨/૧૧/૨૦૨૧. |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | **:** | આરોપી જયુડિશ્યલ કસ્ટડીમાંથી જામીન મુકત છે. |
| **કયા ગુનાનો આક્ષેપ છે** | **:** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટીની કલમ ૩(૧)(R)(S), ૩(૨)(૫–અ) મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | **:** | નિર્દોષ ઠરાવી છોડી મૂકયા. |
| **શું સજા કરી** | **:** | લાગુ પડતું નથી. |
| **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | **:** | લાગુ પડતું નથી. |

## FORM - C

### (એ) ફરિયાદપક્ષના મૌખિક પુરાવાઓની વિગત :–

| **ક્રમ** | **સાહેદનું નામ** | **વિગત** | **આંક** |
|---|---|---|---|
| (૧) | પ્રતિકભાઈ કાનજીભાઈ પરમાર. | ફરિયાદી | ૩૨ |
| (૨) | રમેશભાઈ સોમાભાઈ રાઠોડ. | પંચ | ૨૬ |
| (૩) | નટુભાઈ લાલભાઈ ઢીમ્મર. | પંચ | ૩૦ |
| (૪) | પવનકુમાર રવિન્દ્ર રાજપુત | સાહેદ | ૪૬ |
| (૫) | ધ્રુવીલભાઈ જયેશભાઈ શાહ | સાહેદ | ૪૫ |
| (૬) | ડૉ. શ્રી હર્ષ પટેલ | તબીબી સાહેદ | ૩૫ |
| (૭) | અ.હે.કો. પાંડુરંગભાઈ રૂપચંદભાઈ | તપાસનીશ અધિકારી | ૪૦ |
| (૮) | ભાર્ગવ પંડ્યા, નાયબ પોલીસ અધિક્ષક | તપાસનીશ અધિકારી | ૪૧ |

### (બી) ફરિયાદપક્ષના દસ્તાવેજી પુરાવાઓની વિગત :–

| **ક્રમ** | **દસ્તાવેજોની વિગત** | **આંક** |
|---|---|---|
| (૧) | ફરિયાદ. | ૩૩ |

| | | |
|---|---|---|
| (૨) | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૨૭ |
| (૩) | આરોપી નંબર ૧ અને ૨નું અટક અંગેનું પંચનામું. | ૨૮ |
| (૪) | આરોપી નંબર ૧ અને ૨નું અટક અંગેનું પંચનામું. | ૨૯ |
| (૫) | ફરીયાદીનાં જાતિનાં પ્રમાણપત્રની નકલ. | ૩૪ |
| (૬) | ફરીયાદીનાં જાતિનાં પ્રમાણપત્ર ખરાઈની નકલ. | ૪૩ |
| (૭) | ફરીયાદીનું સારવાર સર્ટીફિકેટ. | ૩૬ |
| (૮) | સત્યાગ્રહ હોસ્પિટલ એમ.એલ.સી. સર્ટીફિકેટ | ૩૭ |
| (૯) | આરોપી નંબર ૪નું અટક અંગેનું પંચનામું. | ૪૨ |

## –:: ચુકાદો ::–

(૧) હાલના કેસના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટીની કલમ ૩(૧)(R)(S), ૩(૨)(૫–અ) મુજબના ગુનાઓનો આક્ષેપ છે.

(૨) અત્રે એ હકીકત નોંધવી આવશ્યક છે કે, સદર ગુનાના કામે સૌ પ્રથમ આરોપી નંબર (૧) અજયભાઇ દિલીપભાઇ રબારી, આરોપી નંબર (૨) અમીત દિલીપભાઇ રબારી, આરોપી નંબર (૩) કમલેશભાઇ રતનસીંહ પુરોહિતનાઓ સામે ચાર્જશીટ કરવામાં આવેલ. ત્યાર બાદ નાસતા ભાગતા આરોપી નંબર (૪) સલીન ઉર્ફે સની અલ્પેશભાઇ ચૌહાણ પકડાઇ જવા પામતાં તેઓ સામે પૂરવણી ચાર્જશીટ કરવામાં આવેલ. સદર બે કેસો સેશન્સ કેસો એક જ ગુનામાંથી ઉદ્ભવેલ હોવાથી અને સાહેદો સરખા હોવાથી ત્રણેય કેસો સાથે ચલાવવા માટે અરજીઓ આપવામાં આવતાં તે અરજીઓ મંજૂર કરી બે કેસો સાથે ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત જોઇએ તો એ મુજબની છે કે, તા. ૨૦/૦૮/૨૦૨૧ ના રોજ કલાક ૨૩/૦૦ વાગ્યાના સુમારે મૌજે– જે.પી. નગર સોસાયટી, શાસ્ત્રી રોડ, ફરીયાદીના ઘરેથી આરોપી નંબર (૧) અજયભાઇ દિલીપભાઇ રબારી તથા (૨) અમીત દિલીપભાઇ રબારી, (૩) કમલેશભાઇ રતનસીંહ પુરોહિત, (૪) સલીન ઉર્ફે સની અલ્પેશભાઇ ચૌહાણનાઓએ એકબીજાની મદદગારીથી ફરીયાદીને હુન્ડાઇ કંપનીની I–૧૦ ફોરવ્હીલ ગાડી જેનો રજી. નંબર–GJ–૧૯– BA–૮૧૬૩ છે. જેમાં આ કામના ફરીયાદીને ડરાવી ધમકાવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી આરોપીઓની ગાડીમાં ગેરકાયદેસર રીતે અટક કરવાના ઇરાદેથી ફરીયાદીને અપહરણ કરી બેસાડી આરોપીઓએ ફરીયાદીને નાલાયક તેમજ જાતીવિષયક અપશબ્દો (ગાળો) બોલી ફરીયાદીને આરોપીઓએ સ્વસ્તીક રેસીડેન્સી સુધી ગાડીમાં લઇ જઇ ત્યાં બહાર જાહેરમાં રોડ ઉપર ગાડીમાંથી ઉતારી ફરીયાદીને ડાબા કાનની નીચે તેમજ છાતીના ભાગે ઢીકમુક્કીનો માર મારી નાશી જઇ ગુનો કરેલ. આ બનાવ અંગે ફરિયાદીએ બારડોલી પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં બારડોલી પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજિ. નંબર : ૧૧૨૧૪૦૦૮૨૧૧૭૧૮/૨૦૨૧ થી ગુનો નોંધવામાં આવેલ.

(૪) ત્યાર બાદ તપાસનીશ અધિકારીએ સદર ગુનાના કામે તપાસ કરેલ અને તપાસના અંતે (૧) અજયભાઇ દિલીપભાઇ રબારી તથા (૨) અમીત દિલીપભાઇ રબારી, (૩) કમલેશભાઇ રતનસીંહ પુરોહિતનાઓ વિરૂદ્ધ પૂરતાં પુરાવા જણાતાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટીની કલમ ૩(૧)(R)(S), ૩(૨)

(૫–અ) મુજબના ગુનાઓનું ચાર્જશીટ બારડોલી વિ. જયુ.મેજિ.શ્રીની કોર્ટમાં દાખલ કરેલું, જે ચાર્જશીટ ફોજદારી કેસ નંબર : ૧૩/૨૦૨૧ થી નોંધાયેલ.

(૫) ત્યાર બાદ નાસતા ભાગતા આરોપીઓ સલીન ઉર્ફે સની અલ્પેશભાઈ ચૌહાણ પકડાઈ જવા પામતાં તપાસનીશ અધિકારીએ તેઓ વિરૂદ્ધનું પૂરવણી ચાર્જશીટ બારડોલીના સ્પે. એટ્રોસીટી તથા વિ. જયુ.મેજિ.ફ.ક.શ્રીની કોર્ટમાં દાખલ કરેલું, જે ચાર્જશીટ ફોજદારી કેસ નંબર : ૨/૨૦૨૨ થી નોંધાયેલ.

(૬) સદર કામે સેશન્સ કેસ નંબર : ૧૩/૨૦૨૧ અને સેશન્સ કેસ નંબર : ૨/૨૦૨૨ ના આરોપીઓ જયુડિશ્યલ કસ્ટડીમાં છે. સદર બંને સેશન્સ કેસો સાથે ચલાવવા માટે અરજી આપવામાં આવતાં બંને કેસો સાથે ચલાવવાનો હુકમ કરવામાં આવેલ. સદર બંને કેસોના આરોપીઓને ચાર્જશીટના કાગળોની નકલો વિના મૂલ્યે મળ્યા અંગેની ખાત્રી કર્યા બાદ આંક : ૦૯ થી સંયુકત તહોમતનામું ફરમાવી આરોપીઓને તે વાંચી, સંભળાવી, સમજાવી આરોપીઓનો અનુક્રમે આંક : ૧૦ થી આંક : ૧૨ સુધીના જવાબ લેતાં આરોપીઓએ ગુનો કબૂલ ન હોવાનું જણાવેલ અને પોતાના વિરૂદ્ધની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માંગણી કરેલ.

(૭) સેશન્સ કેસ નંબર : ૨/૨૦૨૨ ના કામના આરોપી જયુડિશ્યલ કસ્ટડીમાં છે. સદર કેસના આરોપીને ચાર્જશીટના કાગળોની નકલો વિના મૂલ્યે મળ્યા અંગેની ખાત્રી કર્યા બાદ આંક : ૦૪ થી તહોમતનામું ફરમાવી આરોપીને તે વાંચી, સંભળાવી, સમજાવી આરોપીનો આંક : ૦૫ થી જવાબ લેતાં આરોપીએ ગુનો કબૂલ ન હોવાનું જણાવેલ અને

પોતાના વિરૂદ્ધની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માંગણી કરેલ. ત્યાર બાદ ઉપરોકત બંને સેશન્સ કેસોની સાથે સદર સેશન્સ કેસ નંબર : ૧૩/૨૦૨૧ સાથે ચલાવવા અંગે અરજી આપવામાં આવતાં તે અરજી મંજૂર કરવામાં આવેલ. આમ, સેશન્સ કેસ નંબર : ૧૩/૨૦૨૧ ને મુખ્ય કેસ ગણી તે કેસમાં પુરાવો નોંધવામાં આવેલ.

(૮) ફરિયાદપક્ષ તરફથી આરોપીઓ સામેના આક્ષેપો પૂરવાર કરવા માટે ઉપરોકત ફોર્મ "સી" મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલા છે.

(૯) હાલના કામે ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રીએ આંક : ૪૭ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરી ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં આ કામના આરોપીઓનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ પોતાની વિરૂદ્ધ રજૂ થયેલ પુરાવાઓની આક્ષેપિત હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેઓએ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તપાસના કામે આરોપીઓ મળી ન આવતાં તેઓની ખોટી રીતે ધરપકડ કરી ખોટું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૧૦) આ કામે ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. આરોપીઓ તરફે વિ. વકીલ શ્રી કે. ટી. પટેલ ની દલીલો સાંભળી.

(૧૧) સરકાર પક્ષે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલે રજૂઆત કરેલ છે કે, તા. ૨૦/૦૮/૨૦૨૧ ના રોજ કલાક ૨૩/૦૦

વાગ્યાના સુમારે મૌજે– જે.પી. નગર સોસાયટી, શાસ્ત્રી રોડ, ફરીયાદીના ઘરેથી આરોપી નંબર (૧) અજયભાઇ દિલીપભાઇ રબારી તથા (૨) અમીત દિલીપભાઇ રબારી, (૩) કમલેશભાઇ રતનસીંહ પુરોહિત, (૪) સલીન ઉર્ફે સની અલ્પેશભાઇ ચૌહાણનાઓએ એકબીજાની મદદગારીથી ફરીયાદીને હુન્ડાઇ કંપનીની I–૧૦ ફોરવ્હીલ ગાડી જેનો રજી. નંબર–GJ–૧૯– BA–૮૧૬૩ છે. જેમાં આ કામના ફરીયાદીને ડરાવી ધમકાવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી આરોપીઓની ગાડીમાં ગેરકાયદેસર રીતે અટક કરવાના ઈરાદેથી ફરીયાદીને અપહરહ કરી બેસાડી આરોપીઓએ ફરીયાદીને નાલાયક તેમજ જાતીવિષયક અપશબ્દો (ગાળો) બોલી ફરીયાદીને આરોપીઓએ સ્વસ્તીક રેસીડેન્સી સુધી ગાડીમાં લઇ જઇ ત્યાં બહાર જાહેરમાં રોડ ઉપર ગાડીમાંથી ઉતારી ફરીયાદીને ડાબા કાનની નીચે તેમજ છાતીના ભાગે ઢીકમુક્કીનો માર મારી નાશી જઇ ગુનો કરેલ. પોલિસ સાહેદોએ પોતાની ફરજના ભાગરૂપે જે કામગીરી કરેલી તે અંગેનો તેઓએ પુરાવો આપેલ છે. ગુનાવાળી જગ્યા આંક : ૨૭ થી રેકર્ડ ઉપર આવે છે. આમ, રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ પૂરવાર કરી શકેલ હોવાથી આરોપીઓને દોષિત ઠરાવી સખ્ત સજા કરવા વિનંતી કરેલ છે.

(૧૨) આ કામે બચાવપક્ષ તરફે વિ. વકીલ શ્રી કે. ટી.પટેલએ પોતાની દલીલોમાં જણાવેલ છે કે, તા. ૨૦/૦૮/૨૦૨૧ ના રોજ કલાક ૨૩/૦૦ વાગ્યાના સુમારે મૌજે– જે.પી. નગર સોસાયટી, શાસ્ત્રી રોડ, ફરીયાદીના ઘરેથી આરોપી નંબર (૧) અજયભાઇ દિલીપભાઇ રબારી તથા (૨) અમીત દિલીપભાઇ રબારી, (૩) કમલેશભાઇ રતનસીંહ

પુરોહિત, (૪) સલીન ઉર્ફે સની અલ્પેશભાઇ ચૌહાણનાઓએ એકબીજાની મદદગારીથી ફરીયાદીને હુન્ડાઇ કંપનીની I–૧૦ ફોરવ્હીલ ગાડી જેનો રજી. નંબર–GJ–૧૯– BA–૮૧૬૩ છે. જેમાં આ કામના ફરીયાદીને ડરાવી ધમકાવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી આરોપીઓની ગાડીમાં ગેરકાયદેસર રીતે અટક કરવાના ઇરાદેથી ફરીયાદીને અપહરહ કરી બેસાડી આરોપીઓએ ફરીયાદીને નાલાયક તેમજ જાતીવિષયક અપશબ્દો (ગાળો) બોલી ફરીયાદીને આરોપીઓએ સ્વસ્તીક રેસીડેન્સી સુધી ગાડીમાં લઇ જઇ ત્યાં બહાર જાહેરમાં રોડ ઉપર ગાડીમાંથી ઉતારી ફરીયાદીને ડાબા કાનની નીચે તેમજ છાતીના ભાગે ઢીકમુક્કીનો માર મારી નાશી જઇ ગુનો કરેલ હોય તે પોલિસ સાહેદોના પુરાવામાંથી આરોપીઓ વિરૂદ્ધની કોઇ હકીકત જણાઇ આવતી નથી. આરોપીઓએ ગુનામાં કોઇ ભૂમિકા ભજવી હોય તેવું ફરિયાદપક્ષ જણાવી શકેલ નથી. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પૂરવાર કરી શકેલ ન હોવાથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી કરેલ છે.

(૧૩) આ કામે બંને પક્ષની રજૂઆતો અને પુરાવાઓને ધ્યાને લઇ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબા મુદ્દાઓ ઊપસ્થિત થયેલા છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પૂરવાર કરેલ છે કે, તા. ૨૦/૦૮/૨૦૨૧ ના રોજ કલાક ૨૩/૦૦ વાગ્યાના સુમારે મૌજે– જે.પી. નગર સોસાયટી, શાસ્ત્રી રોડ, ફરીયાદીના ઘરેથી આરોપી નંબર (૧)

અજયભાઇ દિલીપભાઇ રબારી તથા (૨) અમીત દિલીપભાઇ રબારી, (૩) કમલેશભાઇ રતનસીંહ પુરોહિત, (૪) સલીન ઉર્ફે સની અલ્પેશભાઇ ચૌહાણનાઓએ એકબીજાની મદદગારીથી ફરીયાદીને હુન્ડાઇ કંપનીની I–૧૦ ફોરવ્હીલ ગાડી જેનો રજી. નંબર–GJ–૧૯– BA–૮૧૬૩ છે. જેમાં આ કામના ફરીયાદીને ડરાવી ધમકાવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી આરોપીઓની ગાડીમાં ગેરકાયદેસર રીતે અટક કરવાના ઇરાદેથી ફરીયાદીને અપહરહ કરી બેસાડી આરોપીઓએ ફરીયાદીને નાલાયક તેમજ જાતીવિષયક અપશબ્દો (ગાળો) બોલી ફરીયાદીને આરોપીઓએ સ્વસ્તીક રેસીડેન્સી સુધી ગાડીમાં લઇ જઇ ત્યાં બહાર જાહેરમાં રોડ ઉપર ગાડીમાંથી ઉતારી ફરીયાદીને ડાબા કાનની નીચે તેમજ છાતીના ભાગે ઢીકમુક્કીનો માર મારી નાશી જઇ ગંભીર ઇજાઓ પહોંચાડી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટીની કલમ ૩(૧)(R)(S), ૩(૨)(૫–અ) મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે?

(૨) શું હુકમ?

(૧૪) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

## –:: નિર્ણયો ::–

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## –:: કારણો ::–

**મુદ્દા નંબર – ૧ :–**

(૧૫) આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટીની કલમ ૩(૧)(R)(S), ૩(૨)(૫–અ) મુજબના ગુનાઓનો આક્ષેપ છે. ફરિયાદપક્ષના કેસ મુજબ ફરીયાદીના ઘરેથી આરોપી નંબર (૧) અજયભાઇ દિલીપભાઇ રબારી તથા (૨) અમીત દિલીપભાઇ રબારી, (૩) કમલેશભાઇ રતનસીંહ પુરોહિત, (૪) સલીન ઉર્ફે સની અલ્પેશભાઇ ચૌહાણનાઓએ એકબીજાની મદદગારીથી ફરીયાદીને હુન્ડાઇ કંપનીની I–૧૦ ફોરવ્હીલ ગાડી જેનો રજી. નંબર–GJ–૧૯– BA–૮૧૬૩ છે. જેમાં આ કામના ફરીયાદીને ડરાવી ધમકાવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી આરોપીઓની ગાડીમાં ગેરકાયદેસર રીતે અટક કરવાના ઇરાદેથી ફરીયાદીને અપહરહ કરી બેસાડી આરોપીઓએ ફરીયાદીને નાલાયક તેમજ જાતીવિષયક અપશબ્દો (ગાળો) બોલી ફરીયાદીને આરોપીઓએ સ્વસ્તીક રેસીડેન્સી સુધી ગાડીમાં લઇ જઇ ત્યાં બહાર જાહેરમાં રોડ ઉપર ગાડીમાંથી ઉતારી ફરીયાદીને ડાબા કાનની નીચે તેમજ છાતીના ભાગે ઢીકમુક્કીનો માર મારી નાશી જઇ ગુનો કરેલ હોવાના આક્ષેપ સબબ ફરિયાદપક્ષે આંક : ૩૫ થી સાહેદ ડૉ. હર્ષ પટેલને તપાસવામાં આવેલ છે, તેમના પુરાવા મુજબ બારડોલી સરદાર હોસ્પીટલમાં

તા.૨૨/૦૮/૨૦૨૧ ના રોજ ઇમરજન્સી વિભાગમાં દર્દી પ્રતીક કાનજીભાઇ પરમાર સારવાર માટે આવેલ. તેઓએ તેમની હિસ્ટ્રી જણાવેલ. તેમને તપાસતા તેઓ સંપુર્ણ ભાનમાં હતા અને તેના વાઇટલ પેરામીટર્સ નોર્મલ હતા. બ્લડ પ્રેસર ૧૨૦/૮૦ હતુ. છાતીમા વચ્ચેના ભાગે દુખાવાની તકલીફ હતી. ડાબી કાનના ભાગે દુખાવાની તકલીફ હતી. ડાબી બાજુ છાતીના ભાગે દુખાવાની તકલીફ હતી. ડાબી ખભા પર દુખાવાની તકલીફ હતી અને માથામાં દુખાવાની તકલીફ હતી જેના માટે તેમના એક્સ-રે અને માથાનો સી.ટી.સ્કેન કરાવ્યો હતો જે નોર્મલ હતુ. જે અંગેનું મેડિકલ સર્ટીફીકેટ આંક : ૩૬ થી આ કામે રજૂ થયેલ છે. સદરહુ સાહેદ ફરિયાદીને સારવાર આપનાર ડોકટરશ્રી છે, તેઓ બનાવવાળી જગ્યાએ હજાર હતા નહી કે તેઓએ બનાવ નઝરો નજર જોયેલ નથી, તેમની પાસે તેટલી જ માહિતી છે, જે તેઓને સારવાર દરમિયાન કહેવામાં આવેલ.

(૧૬) ફરિયાદપક્ષ તરફે તપાસવામાં આવેલા ફરિયાદી પ્રતીક કાનજીભાઇ પરમારનો આંક : ૩૨ નો પુરાવો જોઇએ તો, તા. ૨૦/૦૮/૨૦૨૧ના રોજ રાત્રે ૧૧ વાગ્યે તેઓ બારડોલી બજારમાંથી તેમના ધરે આવેલ અને તેમને કામ હોવાથી તે તેમના મીત્રો સાથે તેમની ગાડી લઇને ગયેલા અને રાત્રે કામ પતાવીને પરત આવી ગયેલા. તેને તેમના મિત્રો સાથે કોઇ ઝગડો થયેલ ન હતો તેમજ તેઓએ તેનુ અપહરણ કરી ગાડીમાં લઇ ગયેલ નથી પરંતુ તે તેની મરજીથી તેમની સાથે ગયેલ હતો. આરોપીઓએ તેને કોઇ જાતી વિષયક ગાળો આપેલ નથી. આ કામના આરોપીઓએ ઇજા પહોંચાડી હોય

તેવું ફરિયાદીના પુરાવામાંથી જણાઇ આવતું નથી. ફરિયાદીના પુરાવામાંથી આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઇ હકીકત જણાઇ આવતી નથી.

(૧૭) સાહેદ રમેશ સોમાભાઇ રાઠોડનો આંક : ૨૬ નો પુરાવો જોઇએ તો, કઇ તારીખે બનાવ બનેલ તે તેમને યાદ નથી. તેઓ ત્યા આગળ ગયા ત્યા પોલીસવાળા હાજર હતા. તે સીવાય બીજુ કોઇ હાજર ન હતુ. સદર સાહેદના પુરાવામાંથી આરોપીઓ વિરૂદ્ધની કોઇ હકીકત જણાઇ આવતી નથી.

(૧૮) સાહેદ નટુભાઇ લાલભાઇ ઢીમ્મરનો આંક : ૩૦ નો પુરાવો જોઇએ તો,કઇ તારીખે બનાવ બનેલ તે તેમને યાદ નથી. તેઓ ત્યા આગળ ગયા ત્યા પોલીસવાળા હાજર હતા. તે સીવાય બીજુ કોઇ હાજર ન હતુ. સદર સાહેદના પુરાવામાંથી આરોપીઓ વિરૂદ્ધની કોઇ હકીકત જણાઇ આવતી નથી.

(૧૯) સાહેદ ધ્રુવિલ જયેશભાઇ શાહનો આંક : ૪૫ નો પુરાવો જોઇએ તો, સને ૨૦૨૧માં તે કોલેજમાં અભ્યાસ કરતો હતો તે સમય દરમ્યાન તેની મુલાકાત અજય રબારી જોડે થયેલ અને ત્યારથી તેને ઓળખે છે. અજય રબારીનો તેના પર ફોન આવેલો અને જણાવેલ કે તેના મિત્ર હાર્દિકને રૂપીયા ૩૦૦૦/- ની જરૂર છે તેથી તેની પાસે પૈસા હોય તો તે મોબાઇલ પર ગુગલ પે કરી દે. જેથી તે પૈસા આપવાની હા પાડેલી. તેથી અજય રબારીએ તેના મિત્ર હાર્દીકનો મોબાઇલ નંબર મોકલેલ. જેથી તેની પાસે પૈસા ન હોવાથી તેની બેનની બેસ્ટ ફ્રેન્ડ ભુમીને ફોન કરીને કહેલ જેથી ભુમીબેનએ તેના મોબાઇલ પરથી હાર્દીકના મોબાઇલ ફોન પર ૩૦૦૦/-

રૂપીયા ગુગલ પે કરેલ અને વારંવાર પૈસા બાબતે અજયને ફોન કરીને પાછા માંગતા તેને પૈસા આપેલ નહી અને હાર્દીકને પણ પૈસા બાબતે ફોન કરીને કહેતા તે પૈસા આપી દેવાનું કહેતો પણ પૈસા આજદીન સુધી આપેલ નથી. આમ, સદર સાહેદના પુરાવાથી ફરિયાદપક્ષને કોઈ મદદ મળતી નથી.

(૨૦) સાહેદ પવનકુમાર રવિન્દ્ર રાજપુતનો આંક : ૪૬ નો પુરાવો જોઇએ તો, તેઓ અસ્તાન મુકામે ફેબ્રીકેશનનુ કામ કરે છે. તા. ૨૦/૦૮/૨૦૨૧ ના રોજ ૧૧–૦૦ વાગ્યાના સુમારે ફેબ્રીકેશનની દુકાન પર હાજર હતા. ત્યારે તેના મિત્ર પ્રતિકભાઇનો ફોન આવેલ અને તેને જણાવેલ કે, મને સ્વસ્તિક એપાર્ટ. પાસે લેવા આવ. મારી પાસે હાલમાં કોઇ ગાડી નથી. જેથી તે મોટર સાઇકલ લઇને તેને લેવા માટે ગયેલો. તેને જોતાં તેને કોઇ ઈજાના નિશાન હતા. તેને બનાવની હકીકતની જાણ નથી. તે પ્રતીકને લઇને ઘરે મુકી દીધેલ. તે સીવાય બીજી કોઇ હકીકતની જાણ નથી.આ બાબતે પોલીસે તેનુ નિવેદન લીધેલ. આ સાહેદનો પુરાવો પણ ફરિયાદપક્ષને કોઇ રીતે મદદરૂપ બનતો નથી.

(૨૧) સદર ગુનાની તપાસ આંક : ૪૦ ના સાહેદ પાંડુરંગભાઇ રૂપચંદભાઈ સોનવણેએ કરેલી. તેઓના પુરાવા મુજબ સદર ગુનાની વધુ તપાસ મળતાં તેઓએ ફરીયાદી રૂબરૂ લેખીત ફરીયાદ આપેલ જે તેઓએ રજીસ્ટરે કરી બારડોલી પો. સ્ટે. ફર્સ્ટ ગુ. ર.નંબર ૧૧૨૧૪૦૦૮૨૧૧૭૧૮/૨૦૨૧ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટીની કલમ ૩(૧)(R)(S), ૩(૨)(૫–અ) મુજબનો ગુનો રજીસ્ટર કરી સદર ગુનો એટ્રોસીટી એક્ટ હેઠળનો

હોય તેથી આગળની વધુ તપાસ એસ.સી.એસ.ટી. સેલ સુરત ગ્રામ્યને સુપ્રત કરેવ, તેઓના પુરાવામાંથી આરોપીઓની ગુનામાં સંડોવણી દર્શાવતી કોઇ હકીકત જણાઇ આવતી નથી.

(૨૨) સદર ગુનાની તપાસ આંક : ૪૧ ના સાહેદ ભાર્ગવ વિનોદરાય પંડ્યાએ કરેલી. તેઓના પુરાવા મુજબ સદર ગુનાની વધુ તપાસ તેઓને મળેલ. ત્યારબાદ તેઓએ ગુનાવાળી જગ્યાનું બે પંચો રૂબરૂ પંચનામુ કરેલ. ત્યારબાદ આરોપી નં. ૧ થી ૩ નાઓની અટક કરી તેની બે પંચો રૂબરૂ અટક પંચનામુ કરેલ. ત્યારબાદ ફરીયાદીએ રજુ કરેલ જાતિના પ્રમાણપત્રને આધારે તેનુ વેરીફીકેશન કરાવેલ અને તેમનો જાતિનો પ્રમાણપત્ર વેરીફાઇ થઇ આવતાં કામમાં સામેલ રાખેલ. ત્યારબાદ આ કામે અન્ય આરોપી સાહીલ ઉર્ફે સની મળી આવતાં તેમને ઇન્ચાર્જ પોલીસ અધિક્ષકશ્રી મુકેશભાઇ ચૌધરીનાઓએ અટક કરેલ અને તેમનુ શરીર સ્થિતિનું તેમજ તેમની પાસેથી આઇ.ટેન. નીઓશ ગાડીનુ કબ્જે કર્યા અંગેનું બે પંચો રૂબરૂ પંચનામુ કરવામાં આવેલ.

(૨૩) આમ, ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલા તમામ પુરાવાઓ ધ્યાને લેતાં પ્રતીક કાનજીભાઇ પરમારને તા. ૨૦/૦૮/૨૦૨૧ ના રોજ કલાક ૨૩/૦૦ વાગ્યાના સુમારે મૌજે- જે.પી. નગર સોસાયટી, શાસ્ત્રી રોડ, તેમના ઘરેથી આરોપી નંબર (૧) અજયભાઇ દિલીપભાઇ રબારી તથા (૨) અમીત દિલીપભાઇ રબારી, (૩) કમલેશભાઇ રતનસીંહ પુરોહિત, (૪) સલીન ઉર્ફે સની અલ્પેશભાઇ ચૌહાણનાઓએ એકબીજાની મદદગારીથી ફરીયાદીને હુન્ડાઇ કંપનીની I-૧૦ ફોરવ્હીલ ગાડી જેનો રજી. નંબર-GJ-

૧૯– BA–૮૧૬૩ છે. જેમાં આ કામના ફરીયાદીને ડરાવી ધમકાવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી આરોપીઓની ગાડીમાં ગેરકાયદેસર રીતે અટક કરવાના ઈરાદેથી ફરીયાદીને અપહરહ કરી બેસાડી આરોપીઓએ ફરીયાદીને નાલાયક તેમજ જાતીવિષયક અપશબ્દો (ગાળો) બોલી ફરીયાદીને આરોપીઓએ સ્વસ્તીક રેસીડેન્સી સુધી ગાડીમાં લઈ જઈ ત્યાં બહાર જાહેરમાં રોડ ઉપર ગાડીમાંથી ઉતારી ફરીયાદીને ડાબા કાનની નીચે તેમજ છાતીના ભાગે ઢીકમુક્કીનો માર મારી નાશી જઈ ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે, પરંતુ આક્ષેપ સબબ કોઈપણ સાહેદ ફરિયાદીની ફરિયાદના કથનોને જુબાનીથી સમર્થન આપતા નથી. ખૂદ ફરિયાદી પણ ફરિયાદમાં કરેલ આક્ષેપ મુજબ જુબાની આપેલ ન હોય, તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી એપીપીશ્રી તરફેની ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો સાહેદને પુછવાની પરવાનગી આપવામાં આવેલ છતા, ફરિયાદને સમર્થન આપતી કોઈ વિગતો ખુલવા પામેલ નથી. પંચનામા જેમ છે તેમ માની લેવામાં આવે તો પણ તેનાથી ફરિયાદપક્ષને કોઈ સમર્થન મળતુ નથી. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પૂરવાર કરી શકેલ ન હોવાથી **મુદ્દા નંબર : ૧ નો નિર્ણય નકારમાં** આપવામાં આવે છે અનુ **મુદ્દા નં.(૨)** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) **સ્પે. એટ્રોસીટી કેસ નંબર : ૧૩/૨૦૨૧ ના** કામના આરોપી નંબર (૧) અજયભાઈ દિલીપભાઈ રબારી તથા (૨) અમીત દિલીપભાઈ રબારી, (૩)

કમલેશભાઈ રતનસીંહ પુરોહિત તથા **સાથે સ્પે. એટ્રોસીટી કેસ નં.૦૨/૨૦૨૨** ના આરોપી નં.(૧) સલીન ઉર્ફે સની અલ્પેશભાઈ ચૌહાણ નાઓને ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટીની કલમ ૩(૧)(R)(S), ૩(૨)(૫–અ) મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) તમામ મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે દરેક આરોપીએ રૂા.૧૦,૦૦૦/– અંકે રૂપિયા દસ હજાર પૂરાના ૬(છ) મહિનાના સમયગાળા સુધીના જામીન તથા જાત મુચરકા અત્રેની અદાલતમાં રજૂ કરવા તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૨૦મી, **માહે :** માર્ચ, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ:** ૨૦/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( નરેશકુમાર રોશનલાલ જૈન)**
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE- GJ00582